NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર—૧૭,
ગાંધીનગર.
E-mail: qecell-gcse@gujarat.gov.in

પત્ર ક્રમાંક: સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2025/ ૨૯૩૫૫-૪૩૭ તા: ૧૮/06/2025.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ.

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
**જિલ્લા: તમામ**
**શાસનાધિકારીશ્રી:** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય:** રાજ્યની રસ ધરાવતી શાળાઓ **"ક્વોલિટી સમર ફનકેમ્પ"**માં પોતાની ભાગીદારી નોંધાવવા બાબત.

**સંદર્ભ:** (1) શિક્ષા મંત્રાલય, ભારત સરકારના પત્ર ક્રમાંક: F.No. 7-11/2024- Inst. Coord., તા.08/04/2025.
(2) અત્રેની શાખાની તા.17/06/2025ના રોજ માન. એસ.પી.ડી.શ્રી, સમગ્ર શિક્ષા દ્વારા નોંધ પર મળેલ મંજૂરી.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષયે સંદર્ભ દર્શિત પત્ર(1)માં જણાવ્યા મુજબ NBQP(National Board for Quality Promotion, Quality Council of Indiaના ઘટક બોર્ડ)-QCI એ "ક્વોલિટી સમર ફનકેમ્પ"ની ત્રીજી આવૃત્તિ ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા જાહેર કરી છે. **"ક્વોલિટી સમર ફનકેમ્પ"**ની થીમ છે: **"Quality Champions: Small Steps, Big Impact"**, જેમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપવામાં આવશે કે કેવી રીતે નાના ગુણવત્તાવાળા કાર્યોથી પણ ભારતના વિકસિત ભારત 2047 યાત્રામાં સકારાત્મક ફાળો આપી શકાય છે. આ કેમ્પ 15 એપ્રિલ 2025 થી શરૂ થઈ ચુક્યો છે અને તે 20 જુલાઈ 2025 સુધી ચાલનાર છે. કેમ્પ માટે કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં તેમ પત્રમાં જણાવેલ છે. તે ઉપરાંત પ્રતિસ્પર્ધાઓ અને વિવિધ ઈવેન્ટ કેટેગરી વિશે વિગત મેળવવા માટે જણાવેલ વેબસાઈટ( http://sfc.qci.org.in/camp/2025 )ની મુલાકાત લેવાનું અથવા તો અથવા શ્રીમતી શ્રુતિ ગુપ્તા, સહાયક નિદેશક, NBQP (મો. નં: 9911509884)નો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3782
તારીખ 19/6/25
સહી
કચેરીની સહી

D:\2025-26\letter.docx

Scanned with OKEN Scanner

ઉક્ત સંદર્ભ (2) અનુસાર માન. એસ.પી.ડી.શ્રી, સમગ્ર શિક્ષા દ્વારા નોંધ પર મળેલ મંજૂરી અન્વયે રાજ્યની તમામ શાળાઓ સુધી ઉપરોક્ત માહિતી પહોંચાડવા માટે જણાવવામાં આવેલ છે. જેથી કેમ્પમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે. તો સદર બાબતની માહિતિ આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં પહોંચે તે બાબતનો પત્ર આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે. રાજ્યની રસ ધરાવતી મહત્તમ શાળાઓ "ક્વોલિટી સમર ફનકેમ્પ"માં પોતાની ભાગીદારી નોંધાવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આભાર સહ.....

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

જા.નં.ક–૩/પરચ/૨૦૨૫–૨૬/૭૨૨૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી મા.અને ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

ર/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

**નકલ રવાના :**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) (જાણ તથા અમલવારી સારું.)



Scanned with OKEN Scanner